ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૮૪૮-૮૮૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૪/૦૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ધો-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટ લેવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી અને ગ્રાન્ટઇન એઇડ માધ્યમિક શાળાના ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટનું આયોજન શાળાકક્ષાએ તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૩/૨૦૨૦ દરમ્યાન આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ આયોજન કરવાનું રહેશે. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં હાજર રહે તેવી વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે. શ્યામચી આઇ ફાઉન્ડેશન (SAF) એક્ષપર્ટ ગ્રૃપ દ્વારા મળેલ વિગતો અન્વયે આ ટેસ્ટ માટેના કેટલીક સૂચનાઓ અને સમયપત્રક આ સાથે સામેલ છે.

સમયગાળો આશરે: ૭૦ મિનિટ

1. અભિરુચિ કસોટી: (ઇન્ટરેસ્ટ ટેસ્ટ)

કૃષિ, આર્ટ્સ, વાણિજ્ય, ફાઇન આર્ટસ, આરોગ્ય વિજ્ઞાન, તકનીકી, ગણવેશધારી સેવાઓ - 7 વ્યાવસાયિકોના અભિરુચિ પરીક્ષામાં વિદ્યાર્થીની રુચિનું મૂલ્યાંકન થાય છે. તેમાં 140 વિધાનો છે. જેમાં દરેકમાં4 જવાબો છે –ઘણું વધારે, ખૂબ, ઓછું, બહુ જ ઓછું (very much, much, little, very little). વિદ્યાર્થીએ તેના માટે સૌથી યોગ્ય લાગે તે એક વિકલ્પ પસંદ કરવાનો છે. કોઈ જવાબ સાચો અથવા ખોટો નથી.

2. અભિયોગ્યતા કસોટી: (એપ્ટિટ્યૂડ ટેસ્ટ)

કૃપા કરીને યાદ રાખો કે અભિયોગ્યતા કસોટીમાં સમયનું બંધન છે. આ પરીક્ષણ 4 વિભાગોમાં છે- વર્બલ, ન્યુમેરિકલ, લોજિકલ અને સ્પાસીઅલ. દરેક વિભાગમાં 15 પ્રશ્નો હશે. વર્બલકસોટી માટે 15 મિનિટ છે, જ્યારે ન્યુમેરિકલ, લોજિકલ અને સ્પાસીઅલ ક્ષમતાઓમાં દરેક 20 મિનિટ હશે. જેમાં કાગળ અને પેન/પેંસિલનો ઉપયોગ કરવાની છૂટ છે.

E:\HK-\SAF\કારકિર્દી માર્ગદર્શન અંગે - ૨૦૨૦.docx

Scanned by CamScanner

જે વિદ્યાર્થીઓ અભિયોગ્યતા અને અભિરુચિ કસોટી આપી છે તેમનો અહેવાલ www.gujaratcareermitra.in પર દર્શાવવામાં આવશે.

એન્ડ્રોઇડ મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને કસોટી લેવામાં આવશે. કસોટી આશરે 1 કલાક 30 મિનિટની રહેશે. અલગ અલગ બેચમાં ઘણા વિદ્યાર્થીઓની કસોટી લેવા માટે એક મોબાઇલ ડિવાઇસનો ઉપયોગ કરી શકાય છે.

<u>કસોટીનું સંચાલન કઈ રીતે કરવું</u> (આ કસોટી ફક્ત શાળા કક્ષાએ લેવામાં આવશે અને શિક્ષકો દ્વારા સંચાલિત કરવામાં આવશે)

1. ગૂગલ પ્લે સ્ટોર પરથી ગુજરાત કેરિયર મિત્ર એપ ડાઉનલોડ કરો. આ એપ્લિકેશન ફક્ત એન્ડ્રોઇડ ફોન્સ માટે જ ઉપલબ્ધ છે.
2. શાળાની નોંધણી પ્રક્રિયા માટેકૃપા કરીને www.gujaratcareermitra.in પર help વિભાગમાં જાઓ અથવા 02067686718 પર ફોન કરો.
3. વિદ્યાર્થી/માતાપિતા સાથે પાસવર્ડ શેર કરશો નહીં. એકવાર તમે પાસવર્ડ સેટ કરી લો, પછી કૃપા કરીને www.gujaratcareermitra.inપર લોગ ઇન કરીને એટેન્ડન્સ શીટ' (બધા વિદ્યાર્થીઓની સૂચિ) ડાઉનલોડ કરો. નામ અથવા સ્ટુડન્ટ આઈડી એન્ટર કરીને વિદ્યાર્થીઓના નામ શોધવા માટે આ શીટનો ઉપયોગ કરી શકાય છે.
4. કસોટી સંચાલનની વિગત માટે કૃપા કરીને www.gujaratcareermitra.inપર help વિભાગ જુઓ.
5. ધોરણ 10 ના તમામ વિદ્યાર્થીઓની કસોટી લીધા પછી ખાતરી કરો કે તમામ વિદ્યાર્થીઓની વિગત અપલોડ થઇ ગઈ છે. તમે www.gujaratcareermitra.in પર consolidated data upload report ચેક કરી શકો છો.
6. કોઈપણ ટેકનીકલ પ્રશ્ન હોય તો 02067686718 પર સંપર્ક કરવા વિનંતી. આ ટેકનીકલ હેલ્પલાઇન રજા સિવાયના દિવસોમાં સવારે 10 થી સાંજે 6 સુધી કાર્યરત હોય છે.
7. પરીક્ષક તરીકે શાળામાં ઓછામાં ઓછા એક આધુનિક ટેક્નોલોજીના જાણકાર (ટેક્નોસેવી) શિક્ષકની નિમણુક કરવી.
8. ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટેની ટેસ્ટના સમય દરમ્યાન જ શાળામાં એન્ડ્રોઇડ મોબાઇલની મંજૂરી આપી શકાશે.
9. પરીક્ષા પહેલાં એક દિવસ તમામ પરીક્ષક ઉપકરણો (મોબાઇલ) પર એપ્લિકેશન ડાઉનલોડ કરી ચકાસણી કરવી.



Scanned by CamScanner

10. એપ્લિકેશન ડાઉનલોડ, પ્રથમ લોગિન અને ડેટા અપલોડ સમયે ઇન્ટરનેટની જરૂર પડશે એટલે કે માત્ર બે વખત, આનો અર્થ એ થાય કે ઓફલાઇન પરીક્ષા તમે તમારા પ્રથમ લોગિન સાથે વિદ્યાર્થીની સૂચિ ડાઉનલોડ કરો તે પછી શક્ય છે.

11. ૧૦ વિદ્યાર્થીઓ દીઠ એક મોબાઇલ ઉપકરણ હોવું જોઇએ.

12. કોઇ વિદ્યાર્થી એક થી વધુ વખત પરીક્ષણ માટે હાજર ન હોવો જોઇએ.

ટેસ્ટ માટેનું સમયપત્રક

| ક્રમ | ઝોન | જિલ્લાઓ | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧ | અમદાવાદ ગ્રામ્ય અને શહેર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર | ૨૩-૨૪ માર્ચ |
| ૨ | ૨ | ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, પંચમહાલ, મહીસાગર, દાહોદ | ૨૫-૨૬ માર્ચ |
| ૩ | ૩ | કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, અમરેલી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ | ૨૭-૨૮ માર્ચ |

ઉપરોક્ત સુચના અને સમયપત્રક ધ્યાને લઇ આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓને ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટનું આયોજન અને અમલીકરણ સારી રીતે થાય તે અંગે આપની કક્ષાએ કાર્યવાહી કરશો.

ક્રમાંક:/મા.વિ.૬/ટેસ્ટ/૨૦૨૦/ ૪૧૨૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૮/૦૨/૨૦૨૦

**નકલ રવાના જાણ તથા અમલસારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner